પેટે એક અલૌકિક બાળકનો જન્મ થયો. સંવત ૧૨૨૯ ચૈત્ર માસની શુક્લપક્ષની બીજે રૂપરૂપના અંબાર સમો અલૌકિક બાળક જન્મ્યો. અને હિન્દુ ધર્મપરની હિન્દુઓની આસ્થા અખૂટ અને અડગ રાખવા માટેની થયેલ આકાશવાણી મુજબ નરસપુરમાં મોટી ઉંમરનાં ઠક્કર રત્નરાયના ઘરે અલૌકિક બાળકનો જન્મ થતાં સમગ્ર નરસપુરમાં આનંદ-ઉલ્લાસ સાથે ભક્તિમય સાથેનું વાતાવરણ છવાયું. છઠીના દિવસે બાળકનું નામ 'લાલ ઉદેરા' પાડવામાં આવ્યું. આ સમય દરમ્યાન સિંધનો વજીર આહા પોતાના લાવ લશ્કર સાથે નરસપુર આવ્યો અને તપાસ કરતાં તેને જાણવા મળ્યુ કે, લોહાણા જ્ઞાતિનાં આગેવાન રત્નરાય ઠક્કરને ત્યાં એક બાળકનો જન્મ થયો છે. વજીર આ સાંભળી રત્નરાયના ઘરે પહોંચ્યો અને તેમણે તુરંતના જન્મેલા બાળકને જોવા માટે પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં ઠક્કર રત્નરાયે તેમના બાળકને વજીર સમક્ષ હર્ષભેર બતાવ્યો.

વજીર આહા બાળક લાલ ઉદેરાને જોતાં વજીરને બાળક ઉદેરાનાં અલૌકિક રૂપ જોવા મળ્યા જેમાં આ બાળક પ્રથમ બાળક સ્વરૂપે પછી યુવા સ્વરૂપે પછી કાળી દાઢી-મુછના ચહેરા સાથે, પૌરૂષત્વ ભરેલાં આદમીરૂપે અને ઘડીકમાં વૃદ્ધરૂપે અને પછીની ઘડીમાં પારણામાં ઝુલતા બાળકરૂપે આ બાળકના દર્શન થતાં વજીર આહા મુંઝાવા લાગ્યો પણ તેણે મુંઝવણ કળાવા ન દીધી અને ઠક્કર રત્નરાયને કહ્યુ કે, તમારે ત્યાં પુત્ર જન્મ થવાથી શાહ મરખશાહ ખુબ જ ખુશ થયા છે. તેઓ તમારા બાળકને જોવા માંગે છે. ત્યારે નગરસમૈમાં ઉડતી વાતો આવતી હતી કે, આકાશવાણીની વાત સાંભળ્યા પછી મરખશાહ સિંધમાં તુરંતમાં જન્મ પામેલાં બાળકોની ઘાતકી હત્યા કરાવી રહ્યો હતો. પણ ઠક્કર રત્નરાય મુંઝાણા નહી અને હિંમત રાખીને તેમણે વજીરને વિનંતી સાથે કહ્યુ કે, આવડા નાનકડા બાળકને એટલે દૂર સુધી કેમ લઇ જઇ શકાય ? બાળક થોડો મોટો થયા પછી હું આપની આજ્ઞાનુસાર તેને શાહના દરબારમાં હાજર કરીશ.

ત્યારબાદ એક મહીના પછી બાળકને મરખશાહના દરબારમાં હાજર કરવાનો હુકમ આપી વજીર પોતાના લાવલશ્કર સાથે પાછો ફરી નગરસમૈ નજીક સિંધુ સાગરતટ પાસેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે બાળક લાલ ઉદરાયનો વજીર આહાને ફરીવાર અલૌકિક અનુભવ થયો અને સિંધુનાં નીર ખળભળીને ઉછળ્યાં અને એમાંથી આ બાળક એક મોટા લાવ લશ્કર સાથે જોશભેર પોતાની તરફ આવી રહ્યો છે એવો અનુભવ થતાં વજીર આહા ખુબ જ ભયભીત બની અને આંખો મીચી ગયો અને તેણે ચીસ પાડી, યા અલ્લાહ બચાવ, આ સાંભળી તેમનાં સિપાહીઓ પણ આશ્ચર્ય પામ્યા અને શું કરવું ? અને શું ન કરવું ? તેની ગડમથલમાં અટવાયેલા વજીરથી બે હાથ નમસ્કારની મુદ્રામાં જોડાઇ ગયા. એટલીવારમાં તો લાલ ઉદરાય વજીર સમક્ષ આવીને ઉભા રહ્યા અને બોલ્યાં, હે વજીર, તું મને લેવા આવ્યો છે ને ? ચાલ તારા શાહ પાસે આવું છું, ત્યારે વજીર આહા બોલ્યો અરે ! ના ! ના, તમે તો મોટી ફોજ લઇને આવ્યા છો, હું તો આપ એકલાને લેવા આવ્યો હતો. આપ આપના લાવ-લશ્કરને વિદાય કરો. ત્યારે બાળક લાલ ઉદરાય કહે છે કે, જેમ તું કહે તેમ, ચાલ હું તારા શાહ સમક્ષ એકલો જ આવું છુ. તેમ કહી બાળક લાલ ઉદરાય અદશ્ય થઇ ગયા અને ઘડીભરમાં તો તેમનું વિશાળ સૈન્ય પણ અદશ્ય થઇ ગયુ. આ અદ્‌ભુત ચમત્કારીક દશ્ય જોઇ વજીર આહા ખળભળી ઉઠ્યો અને નાઠીને સીધો પોતાના રાજમાં ગયો અને મોડી રાત સુધી સુઇ ના શક્યો અને પ્રભાત થતાં સવારે શાહી મહેલમાં જઇ શાહ મરખશાહ પાસે ઉપસ્થિત થયો ત્યારે બાદશાહ બોલ્યો, હે વજીર ! તું ભલે નરસપુર જઇ આવ્યો પણ તારી પહેલા આ અલૌકિક બાળક આ શાહી મહેલમાં આવી ચડ્યો હતો, મે એ બાળકને પકડવા મોટી સંખ્યામાં પહેરગીરોને તેમની પાછળ દોડાવ્યા પણ તે કેમેય કરીને હાથમાં નહોતો આવ્યો અને તેમણે જાત-જાતનાં રૂપ બતાવતા એ જોઇને હું આભો બની ગયો છું. આ કોઇ સામાન્ય બાળક નથી એ પીરનો પીર અવતારી ઓલીયો મને લાગ્યો છે અને તેમણે મને ઉપદેશ સાથે આદેશ આપ્યો છે કે, હે બાદશાહ તું હિન્દુઓ ઉપર અત્યાચાર ગુજારવાનુ છોડી દે અને તેમનો ધર્મ છોડી દેવા માટે જોરઝૂલ્મ કરવાનું બંધ કર, અલ્લાહ - ઈશ્વર એક છે. જેવી રીતે એક નગરમાં પ્રવેશવાના માર્ગો અલગ અલગ હોય છે પણ ધ્યેય નગરમાં પ્રવેશવાનો હોય છે તેવી રીતે ઇશ્વર પ્રાપ્તિ માટે અલગ - અલગ ધર્મ તે નગરમાં પ્રવેશ માટેના અલગ-અલગ માર્ગસમાન છે.

કુર્રાને શરીફમાં સ્પષ્ટ ફરમાવ્યુ છે કે, સર્વે પદાર્થોમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરો. એ પ્રમાણે હરેક ઇન્સાન ખુદાનો બંદો છે એમ માની એની સાથે સદવ્યવહાર કરી સૌ-સૌનાં ધર્મ પ્રમાણે તેઓ પ્રાર્થના કરે તો તેઓને કરવા દેવી, અત્યાચાર ન ગુજારવો, ઓલીયાના આવા વચનો સાંભળી મારી આંખ ઉઘડી ગઇ અને મે હાથ જોડીને કહ્યુ કે, અય હઝરત, તમે જે હિદાયત દીધી છે એ પ્રમાણે હું વરતીશ અને સર્વે હિંદુઓને હું બંધુ સમાન માનીશ. તેવું મે વચન આપતાં આ ઓલીયા પુરુષ તથાસ્તુ કહી વિદાય થયા છે. માટે હે વઝીર આહા હિન્દુઓ તેમનો ધર્મ પાળે તો રોકવા નહીં તેવી મારી ઈચ્છા અને મારૂ ફરમાન છે.

લાલ ઉદરાયનાં પરચાથી શાહ મરખશાની આંખ ખૂલતા તેમણે કરેલ ફરમાનથી દરેક હિન્દુઓ ધર્મસંકટમાંથી બચી ગયા. લાલ ઉદેરાને છ વર્ષની ઉંમરથી શારશ્વત બ્રાહ્મણ પાસે વિદ્યા અભ્યાસાર્થે મોકલવામાં આવ્યાં. તેર વર્ષની ઉંમરે લાલ ઉદરાયએ વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. તેઓએ સર્વ શાસ્ત્રોમાં પારંગતતા પ્રાપ્ત કરી એમની તેજસ્વીતા જોઇ ગુરૂને થયુ કે, આ કોઇ સામાન્ય બાળક નથી, અસામાન્ય છે અને સંસારમાં જરૂરથી તેમનુ નામ રોશન કરશે. વિદ્યાભ્યાસ પૂર્ણ થયા બાદ લાલ ઉદરાયએ તેમના વ્યવસાય પ્રમાણે કુહર વેચવાનુ શરૂ કર્યુ. તેઓ રોજ સવારે રાંધેલા મસાલેદાર ચોરા (કુહર) લઇને પોતાની ઉંમરના બાળકો સાથે ઘરેથી નીકળીને વેચવા નીકળી જતા અને મિત્રોને ખબર ન પડે તેમ સાગરતટે પહોંચી કુહર દરીયામાં પધરાવી આત્મ સાક્ષાત્કાર કરવા ધ્યાનમાં બેસતાં, ધ્યાનયોગને કારણે તેમને કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ અને એમનો થાળ સંપત્તિથી ભરાઇ જતો અને આ થાળ લઇ તેઓ ઘરે આવતા ત્યારે કુહરની કિંમત કરતાં વધુ સંપત્તિ લઇને આવતા હોઇ તેમના પિતાને કાંઇક શંકા પડી અને એક દિવસ તેઓ ઉદરાયની પાછળ ગયાં અને જોયું તો ઉદેરાય કુહરનો થાળ દરિયામાં પધરાવી યોગસાધનામાં બેસી જતા હતાં અને કુહરની ખાલી થાળી સંપત્તિથી ભરાઇ જતી હતી. આ જોઇ રત્નરાય આશ્ચર્ય પામ્યાં અને ઘરે આવીને તેમના ધર્મપત્નિને આ ચમત્કારની વાત કરી અને તેમને એવો અહેસાસ થયો કે, આપણો છોકરો પૂર્વ જન્મનો કોઇ અવધૂત આત્મા છે. પછી પિતાએ લાલ ઉદેરાયને કુહર વેચવા જવાની ના પાડી તેમ છતાં લાલ ઉદેરાય નિયમ પ્રમાણે રોજ પ્રાતઃકાળે સિંધુને તિરે જતા સ્નાન વિધી બાદ ધ્યાન, ઉપાસના કરતાં, એક દિવસ તેમને એક યોગી મળ્યા અને કહેવાય છે કે એ ગુરૂ ગોરખનાથ હતાં તેમના દર્શન કરી ઉદેરાયએ ગોરખનાથજીને ગુરૂમંત્ર આપવા વિનંતી કરતાં તેમની વાત સાંભળી ગોરખનાથ હસી પડ્યાં અને કહેવા લાગ્યા હે ઉદેરાય તમારે ગુરૂની જરૂર નથી તમે યોગમાર્ગના સાધક છો, અને પરબ્રહ્મને પામી ગયેલા છો અને હું આપને શું દીક્ષા આપું ?

છતાં, લાલ ઉદેરાયએ કહ્યું કે, ગુરૂ વિના સંશય ના મિટે, માટે આપ મને ગુરૂજ્ઞાન આપો. યોગમાર્ગમાં જ્યાં અટવાઉ ત્યાં મને સહાય કરજો